# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ 2020-21 માટે
## ધોરણ-12 : ગુજરાતી (પ્રથમ ભાષા) (001) (સામાન્ય પ્રવાહ)
## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 100**

**નોંધ:** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મૉડરેટર્સના વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મૉડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વિશ્લેષણ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન | અનુમાન/મૂલ્યાંકન | ગુણ |
| ગુણ | 15 | 25 | 15 | 30 | 15 | 100 |
| ટકા | 15 | 25 | 15 | 30 | 15 | 100 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 41 | 49 | 30 |
| 2. | અતિ ટૂંક જવાબી પ્રશ્નો (VSA) | 20 | 21 | 20 |
| 3. | ટૂંક જવાબી પ્રશ્નો (SA) | 06 | 08 | 12 |
| 4. | લાંબા પ્રશ્નો (LA) | 06 | 06 | 28 |
| 5. | નિબંધ પ્રકારના પ્રશ્નો (EA) | 01 | 01 | 10 |
| | **પ્રશ્નોની કુલ સંખ્યા** | **74** | **85** | **100** |

**વિભાગ પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | વિભાગનું નામ | ગુણ |
|---|---|---|
| 1. | વિભાગ-A પદ્ય | 20 |
| 2. | વિભાગ-B ગદ્ય | 20 |
| 3. | વિભાગ-C વ્યાકરણ | 20 |
| 4. | વિભાગ-D અર્થગ્રહણ | 20 |
| 5. | વિભાગ-E લેખન સજ્જતા | 20 |
| | કુલ | **100** |

**નોંધ :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2020-21 માટે અભ્યાસક્રમના રદ કરેલા પ્રકરણ/મુદ્દાઓમાંથી પ્રશ્નો પૂછવા નહિ.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**

## ધોરણ-12 : ગુજરાતી (પ્રથમ ભાષા) (001) (સામાન્ય પ્રવાહ)

## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું માળખું** **કુલ ગુણ : 100**

| પ્રશ્ન ક્રમ | વિભાગ- A પદ્ય આધારિત પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| 1 થી 3 | આપેલ બહુ વિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખવાના રહેશે.<br>કાવ્યના વિષય વસ્તુ અને હાર્દ આધારિત પ્રશ્નો પૂછવાના રહેશે. | 03 |
| 4 થી 6 | આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ હેતુલક્ષી ઉત્તર આપવાના રહેશે.<br>કવિ પરિચય, કાવ્ય કૃતિ સ્વરૂપ, પુસ્તક સંદર્ભને ધ્યાનમાં લેવાનું રહેશે. | 03 |
| 7 થી 10 | આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખવાના રહેશે.<br>કાવ્ય કૃતિના વિષયવસ્તુને ધ્યાનમાં રાખી પ્રશ્નો પૂછવાના રહેશે. | 04 |
| 11 થી 14 | આપેલ પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખવાના રહેશે. (કોઈપણ ત્રણ)<br>કાવ્યના વિષયવસ્તુને ધ્યાનમાં રાખી તેના આધારે પૂછવાનું રહેશે. | 06 |
| 15 | આપેલ પ્રશ્ન નો સવિસ્તાર ઉત્તર લખવાનો રહેશે. એક પ્રશ્ન વિકલ્પમાં આપવો.<br>કાવ્ય કૃતિમાં વિષયવસ્તુની સમીક્ષા થાય એ દૃષ્ટિએ વિષયવસ્તુના હાર્દને ધ્યાનમાં રાખી પ્રશ્નો પૂછવાના રહેશે. | 04 |
| | **વિભાગ- B ગદ્ય આધારિત પ્રશ્નની વિગત** | |
| 16 થી 18 | આપેલ બહુ વિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખવાના રહેશે. | 03 |
| 19 થી 21 | આપેલ પ્રશ્નોના માગ્યા મુજબ હેતુલક્ષી ઉત્તર આપવાના રહેશે.<br>લેખક પરિચય, ગદ્ય સ્વરૂપ, કૃતિ, પુસ્તક અને સંદર્ભને ધ્યાનમાં લેવાનું રહેશે. | 03 |
| 22 થી 25 | આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખવાના રહેશે.<br>ગદ્ય કૃતિના વિષયવસ્તુને ધ્યાનમાં રાખી પૂછવાનું રહેશે. | 04 |
| 26 થી 29 | આપેલ પ્રશ્નોના ત્રણ ચાર વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખવાના રહેશે. (કોઈપણ ત્રણ)<br>ગદ્યકૃતિના વિષયવસ્તુને ધ્યાનમાં રાખી તેના આધારે પૂછવાનું રહેશે. | 06 |
| 30 | આપેલ પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખવાનો રહેશે. એક પ્રશ્ન વિકલ્પમાં આપવો.<br>ગદ્યકૃતિના વિષયવસ્તુને ધ્યાનમાં રાખી તેની સમીક્ષા થાય એ દૃષ્ટિએ વિષય વસ્તુના હાર્દને ધ્યાનમાં રાખી પ્રશ્નો પૂછવાના રહેશે. | 04 |

| પ્રશ્ન ક્રમ | (વિભાગ- C : વ્યાકરણ) | ગુણ |
|---|---|---|
| 31 થી 35 | નીચે આપેલ શબ્દોને સમાન અર્થરૂપે સામ-સામે જોડીને (ત્રણેય શબ્દો) લખવાના રહેશે. (કોઈપણ 04) (દરેક પ્રશ્નનો 1/2 ગુણ રહેશે)<br>● પાઠ્યપુસ્તકની ગદ્ય-પદ્ય કૃતિઓમાંથી પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ તત્સમ, તદ્ભવ જેવા વિવિધ પ્રકારના અનેકાર્થી શબ્દો પસંદ કરી મૂકવાના રહેશે. | 02 |
| 36 થી 40 | નીચે આપેલ વાક્યમાં રેખાંકિત શબ્દના સ્થાને તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખી, વાક્યનો અર્થ બદલાય નહી તે રીતે ફરીથી વાક્ય લખવાના રહેશે. (કોઈપણ 04) (દરેક પ્રશ્નનો 1/2 ગુણ રહેશે)<br>● પાઠ્યપુસ્તકની ગદ્ય-પદ્ય કૃતિઓમાંથી પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ તત્સમ, તદ્ભવ તેમજ પૂર્વ પ્રત્યય દ્વારા થતાં વિરોધી શબ્દો તેના અર્થ સંદર્ભો મળી રહે તે રીતે શોધી પાઠ્યપુસ્તકનાં જ વાક્યોનો ઉપયોગ કરી પ્રશ્નો પૂછવાના રહેશે. | 02 |
| 41 થી 45 | નીચે આપેલ શબ્દસમૂહ માટે એક શબ્દ લખવાનો રહેશે. (કોઈપણ 04) (દરેક પ્રશ્નનો 1/2 ગુણ રહેશે)<br>● પાઠ્યપુસ્તકની પદ્ય-ગદ્ય કૃતિઓમાંથી વિષયવસ્તુના અર્થો, સંદર્ભો તેનું નાવીન્ય, સંવેદના પ્રગટ કરતા વિવિધ પ્રકારના શબ્દો શોધીને મૂકવાના રહેશે. | 02 |
| 46 થી 47 | નીચે આપેલ તળપદા શબ્દોના શિષ્ટ માન્ય ભાષાના અર્થો વિચારીને લખવાના રહેશે. (દરેક પ્રશ્નનો 1/2 ગુણ રહેશે.)<br>● પાઠ્યપુસ્તકની પદ્ય-ગદ્ય કૃતિઓમાંથી લોકબોલી અને વ્યવહારમાં વપરાતાં જનપદી, તળલોક જીવનના ગામઠી, પ્રાદેશિક, દેશ્ય શબ્દોના માન્ય ભાષાના શિષ્ટ અર્થ લખવાના રહેશે. | 01 |
| 48 થી 50 | નીચે આપેલ શબ્દોની જોડણી સુધારી સાચી જોડણી લખવાની રહેશે. (કોઈપણ 02) (દરેક પ્રશ્નનો 1/2 ગુણ રહેશે.)<br>● પાઠ્યપુસ્તકની પદ્ય-ગદ્ય કૃતિઓ આધારિત જોડણીના નિયમોને પ્રગટ કરતા અથવા શબ્દો પસંદ કરવાના રહેશે. | 01 |
| 51 થી 57 | નીચેના પ્રશ્નોના ઉત્તર કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે લખવાના રહેશે. (કોઈપણ 06) (દરેકનો 1/2 ગુણ રહેશે.)<br>● વાક્યમાંથી વિશેષણ શોધી લખવાનું રહેશે.<br>● વાક્યની ખાલી જગ્યામાં પાઠ્યપુસ્તક આધારિત વિશેષણ લખવાનું રહેશે.<br>● વાક્યમાંથી નિપાત શોધી લખવાનો રહેશે.<br>● વાક્યની ખાલી જગ્યામાં પાઠ્યપુસ્તક આધારિત નિપાત લખવાનો રહેશે.<br>● વાક્યમાંથી કૃદંત શોધી લખવાનું રહેશે.<br>● વાક્યની ખાલી જગ્યામાં પાઠ્યપુસ્તક આધારિત કૃદંત લખવાનું રહેશે.<br>● આપેલ વાક્યનો કૃદંત પ્રકાર વિચારીને લખવાનો રહેશે.<br>(પાઠ્યપુસ્તકનાં વાક્યોનો જ ઉપયોગ તેમજ વાક્ય ફરીથી ઉત્તરમાં લખવાના રહેશે.) | 03 |

| | | |
|---|---|---|
| 58 થી 60 | નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરવાનો રહેશે.<br>(દરેક રૂઢિપ્રયોગનો 01 ગુણ રહેશે) (કોઈપણ 02)<br>(અર્થનો 1/2 ગુણ અને વાક્યનો 1/2 ગુણ રહેશે.)<br>● પાઠ્યપુસ્તકની ગદ્ય-પદ્ય કૃતિઓમાંથી રૂઢિપ્રયોગો પસંદ કરી પૂછવાના રહેશે. | 02 |
| 61 થી 64 | નીચે આપેલ વાક્યમાં કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે માગ્યા પ્રમાણે ઉત્તર લખો.<br>(કોઈપણ ત્રણ)<br>● આપેલ વાક્ય લેખનરૂઢિની દૃષ્ટિએ સુધારી લખવાનું રહેશે.<br>● આપેલ વાક્યમાં ભાષાશુદ્ધિ, વિરામચિહ્ન વગેરે સુધારવાના રહેશે.<br>● આપેલ વાક્યમાં પદક્રમ અને પદસંવાદ રૂપે સુધારી લખવાનું રહેશે.<br>● આપેલ વાક્યમાં ખોટો પ્રત્યય વપરાયો છે ત્યાં પ્રત્યય સુધારી વાક્ય ફરીથી લખવાનું રહેશે.<br>(લેખનરૂઢિ, ભાષાશુદ્ધિ, પદક્રમ, પદસંવાદ અને પ્રત્યય સુધારાના વાક્યો પાઠ્યપુસ્તકમાંથી જ લેવાના રહેશે.) | 03 |
| 65 થી 67 | નીચે આપેલ સંયુક્ત-સંકુલ વાક્યોને સાદાં વાક્યોમાં ફેરવી ફરીથી લખવાના રહેશે.<br>(કોઈપણ 02) (દરેકનો 01 ગુણ રહેશે)<br>● પાઠ્યપુસ્તક આધારિત ગદ્ય કૃતિઓ તેમજ પદ્ય કૃતિઓમાંથી મૌલિક વાક્યો બનાવી પ્રશ્નરૂપે પૂછી શકાશે. | 02 |
| 68 થી 70 | નીચે આપેલ સાદાં વાક્યોને સંયુક્ત-સંકુલ વાક્યોમાં ફેરવી ફરીથી લખવાના રહેશે.<br>(કોઈપણ 02) (દરેક પ્રશ્નનો 01 ગુણ રહેશે.)<br>● પાઠ્યપુસ્તકની આધારિત ગદ્ય કૃતિઓ તેમજ પદ્ય કૃતિઓમાંથી મૌલિક વાક્યો બનાવી પ્રશ્નરૂપે પૂછી શકાશે. | 02 |
| | **( વિભાગ- D : અર્થગ્રહણ)** | |
| 71 થી 75 | નીચે આપેલ પાઠ્યેતર પદ્યના આધારે આપેલ પ્રશ્નોના એક બે વાક્યમાં સમજી વિચારીને ઉત્તર લખવાના રહેશે. (દરેક પ્રશ્નનો 01 ગુણ રહેશે)<br>● પાઠ્યપુસ્તકમાં વર્તમાન સમયમાં અભ્યાસક્રમમાં સમાવિષ્ટ ન હોય તેવી અપઠિત કોઈપણ ઊર્મિભાવને પ્રગટ કરતી, જીવન સંદેશ વ્યક્ત કરતી કાવ્ય રચના પૂછવાની રહેશે.<br>● જેમાંથી પાંચ જ પ્રશ્ન પૂછવાના રહેશે. | 05 |
| 76 થી 80 | નીચે આપેલ પાઠ્યેતર ગદ્યના આધારે આપેલ પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યોમાં લખવાના રહેશે. (દરેક પ્રશ્નનો 01 ગુણ રહેશે.)<br>● પાઠ્યપુસ્તકમાં વર્તમાન સમયમાં અભ્યાસક્રમમાં સમાવિષ્ટ ન હોય તેવી અપઠિત કોઈપણ સાહિત્ય, ચિંતન, ધર્મ, સંસ્કૃતિ, સભ્યતા, શિક્ષણ, પ્રેરણાત્મક બાબતો જેવા કોઈ એક વિષય પર સિત્તેરથી એંશી શબ્દોમાં ગદ્યખંડ પૂછવાનો રહેશે. જેમાંથી પાંચ જ પ્રશ્નો પૂછવાના રહેશે. | 05 |

| | | |
|---|---|---|
| 81 | નીચે આપેલ પાઠ્યેતર ગદ્યખંડનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને ઉચિત યોગ્ય બંધબેસતું શીર્ષક આપવાનું રહેશે.<br>● પાઠ્યપુસ્તકમાં વર્તમાન સમયમાં અભ્યાસક્રમમાં સમાવિષ્ટ ન હોય તેવી અપઠિત કોઈપણ સાહિત્ય, ચિંતન, ધર્મ, સંસ્કૃતિ, સભ્યતા, શિક્ષણ, પ્રેરણાત્મક બાબતો જેવા કોઈ એક વિષય પર સિત્તેરથી એંશી શબ્દોમાં ગદ્યખંડ પૂછવાનો રહેશે. | 05 |
| 82 | નીચે આપેલ ગદ્યખંડને કાળકથન રીતિ પ્રમાણે વિકાસના ક્રમમાં ગોઠવી ફરીથી લખવાનો રહેશે.<br>● પાઠ્યપુસ્તક આધારિત ગદ્યકૃતિઓ જે (સ્વ. અધ્યયન સિવાયની) અભ્યાસમાં છે. તેમાંથી જ ગદ્ય લેવાનો છે. જેમાં પાત્રનું મનોમંથન, વિચાર સંકલના જેવી બાબતો ધ્યાનમાં લેવાની છે. | 05 |
| **( વિભાગ- E : લેખન સજ્જતા)** | | |
| 83 | નીચે આપેલ પ્રશ્નમાં દર્શાવેલ વિષય પ્રમાણે એક સો શબ્દોમાં માગ્યા મુજબ અરજી લખવાની રહેશે.<br>● અરજીમાં વ્યક્તિગત નામ, સરનામું, ફોન નંબર વગેરે દર્શાવવાના નથી પરંતુ તારીખ અનિવાર્ય દર્શાવવાની રહેશે.<br>● તા.ક......../બિડાણ/જોડાણ વગેરે યથોચિત દર્શાવવાના રહેશે. | 05 |
| 84 | નીચે આપેલ પાઠ્યેતર ગદ્યખંડનું વાદાત્મક ગદ્યમાં રૂપાંતર કરવાનું રહેશે.<br>● વર્તમાન સમયમાં ક્યાંય અભ્યાસમાં ન હોય તેવા, સામાન્ય ચર્ચા કરી દાખલા, દલીલ, તાર્કિક બાબતો પ્રગટ કરી શકાય તેવો ગદ્યખંડ પૂછવાનો રહેશે.<br>અથવા<br>● નીચે આપેલ શબ્દયાદીનો ઉપયોગ કરીને સિત્તેરથી એંશી શબ્દોમાં ભાવાત્મક ગદ્ય લખવાનો રહેશે.<br>● ભાવાત્મક ગદ્ય પાઠ્યેતર વર્તમાન સમયમાં ક્યાંય અભ્યાસમાં ન હોય તેવા કોઈપણ આનુષંગિક વિષયનો પૂછી શકાશે. | 05 |
| 85 | નીચે આપેલ કોઈપણ એક વિષય પર આશરે 250 શબ્દોમાં મૌલિક નિબંધ લખવાનો રહેશે. (ત્રણ વિકલ્પ આપવાના રહેશે)<br>● નિબંધ પાઠ્યપુસ્તકને આનુષંગિક વર્તમાન પ્રવાહો, સમસ્યાઓ, કલ્પના આધારિત, પ્રકૃતિ, ચિંતન વગેરે જેવા કોઈપણ વિષયને પૂછી શકાશે.<br>● નિબંધમાં મૌલિકતા, ભાષાશુદ્ધિ, લેખન કૌશલ્ય વગેરેને ધ્યાનમાં લેવાનાં રહેશે. | 10 |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ધોરણ-12 : ગુજરાતી (પ્રથમ ભાષા) (001) (સામાન્ય પ્રવાહ)
## વાર્ષિક પરીક્ષા
## નમૂનાનું પ્રશ્નપત્ર

**સમય : 3 કલાક** **કુલ ગુણ : 100**

**સૂચના :**

- આ પ્રશ્નપત્ર A, B, C, D, E પાંચ વિભાગમાં વહેંચાયેલું છે .
- પ્રશ્નપ્રકાર પ્રમાણે વિકલ્પ આપેલ છે.
- જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે.
- ભાષાશુદ્ધિ, લખાણ મૌલિકતાને ગુણ પ્રાધાન્ય આપવામાં આવશે.

### વિભાગ - A પદ્ય આધારિત

- **નીચે આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[03]**

(1) કવિ નરસિંહના મતે માણસને સમજવામાં કોણે ગરબડ કરી છે ?
(અ) માણસોએ (બ) ઈશ્વરે (ક) ગ્રંથોએ (ડ) સંતો-ભક્તોએ

(2) ગોપી કોની વાણીને શુકનમાં લાવવાની ના પાડે છે ?
(અ) પોપટ (બ) કોયલ (ક) તમરું (ડ) કાગડો

(3) કુલટા સ્ત્રીને સાચો ન્યાય કોણે અપાવ્યો ?
(અ) ન્યાયાધીશે (બ) ઓલિયાએ (ક) લોકોએ (ડ) ગામ લોકોએ

- **નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[03]**

(4) ‘દમયંતી સ્વયંવર’ આખ્યાન ખંડ કયા આખ્યાનમાંથી લેવામાં આવ્યો છે ?
(5) ‘શ્યામ રંગ સમીપે’ કાવ્યનું સ્વરૂપ જણાવો.
(6) ‘પથ્થર થર થર ધ્રૂજે’ કાવ્યના કવિનું નામ જણાવો.

- **નીચેના પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[04]**

(7) પરમાત્માએ વૈવિધ્યપૂર્ણ સૃષ્ટિનું સર્જન શા માટે કર્યું છે ?
(8) ‘રામબાણ’ શબ્દનો અર્થ જણાવો.
(9) નાયિકા પોતાના દાદાને શો સંદેશો મોકલાવે છે ?
(10) ગામના સૌ ડાહ્યાજનોએ શો ન્યાય કર્યો ?

- **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) (પ્રત્યેકના 2 ગુણ)** **[06]**

(11) બીજ અને વૃક્ષનો કાર્ય કારણ સંબંધ સ્પષ્ટ કરો.
(12) મીરાંબાઈને શ્રીકૃષ્ણએ શી રીતે ઉગાર્યા ?
(13) ‘કાચના કમાડ’ શબ્દ દ્વારા નાયિકાની શી વેદના પ્રગટી છે ?
(14) બા આખા કુટુંબનો ખ્યાલ કેવી રીતે રાખતા ?

- **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈ એક)** **[04]**

(15) દેવોએ નળ અને દમયંતીને પ્રસન્ન થઈ કયા કયા વરદાન આપ્યા ?

અથવા

ઊર્મિલાનું ચરિત્ર ચિત્રણ કરો.

**વિભાગ - B ગદ્ય આધારિત**

- **નીચે આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[03]**

(16) વિનોબાજીને ગાંધીજીના પ્રથમ દર્શને શેનો પાઠ મળ્યો ?

(અ) શ્રમનો (બ) ભક્તિનો (ક) પ્રામાણિકતાનો (ડ) સત્યનો

(17) પ્રભાશંકર કયો ચુકાદો ભાવનગરની તરફેણમાં લાવ્યા ?

(અ) બદરીકરાર ભંગ (બ) ગોળમેજી પરિષદનો (ક) કાશ્મીરની નોકરીનો (ડ) ખૂન કરવા આવેલ મારાનો

(18) વકીલ અને બેંક માલિક વચ્ચે શી શરત થઈ ?

(અ) દેહાત દંડની (બ) વીસ લાખની (ક) જન્મટીપની (ડ) દસ વર્ષની

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[03]**

(19) 'સત્યાગ્રહાશ્રમ' ગદ્ય કયા પુસ્તકમાંથી લેવામાં આવેલ છે ?

(20) 'ઉછીનું માગનારાઓ' ગદ્યનું સાહિત્ય સ્વરૂપ જણાવો.

(21) સૌજન્યશીલ પ્રભાશંકર ગદ્યના લેખકનું નામ જણાવો.

- **નીચેના પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[04]**

(22) ભોજાએ ઈનામમાં શી માંગણી કરી ?

(23) વિનોબાએ કયા વ્રતોનું પાલન બરાબર કર્યું હતું ?

(24) લેખિકાએ શેષ નદીને કોની સાથે સરખાવી છે ?

(25) શ્રી પ્રભાશંકર ગોળમેજી પરિષદ વિશે શું સમજતા હતા ?

- **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાકયમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) (પ્રત્યેકનો 2 ગુણ )** **[06]**

(26) ભોજાએ રાત્રે શો નિર્ણય કર્યો ? તેનું શું પરિણામ આવ્યું ?

(27) લોકો કઈ કઈ વસ્તુઓ ઉછીની લઈ જીવન વ્યવહાર ચલાવે છે ?

(28) હરધનના મેદાનમાંથી વહેતી શેષ નદી લેખિકાને કેવી લાગે છે ?

(29) નાયિકાને જોતા નાયકે શા-શા અનુમાનો કર્યા ?

- **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈ એક)** **[04]**

(30) 'યુદ્ધિષ્ઠિર યુદ્ધ વિષાદ' ગદ્યનો અંત ચર્ચો.

અથવા

- 'મહાત્માના માણસ' શીર્ષક ચર્ચો.

## વિભાગ - C પાઠ્યપુસ્તક આધારિત વ્યાકરણ

- **નીચેના સમાનાર્થી શબ્દો સામ સામે જોડી લખો. (કોઈપણ ચાર) (પ્રત્યેકનો 0.5 ગુણ)** **[02]**

(31) કનક - આકાશ -દુર્ગમ

(32) અંબર -પ્રકૃતિ-માથાકુટ

(33) વિકટ-સુવર્ણ - નભ

(34) તાસીર - તકરાર - સ્વભાવ

(35) ભાંજગડ - મુશ્કેલ - હેમ

- **નીચેના વાક્યોમાં રેખાંકિત શબ્દના સ્થાને તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખી, વાક્યનો અર્થ બદલાય નહીં તે રીતે ફરીથી લખો : (કોઈપણ ચાર) (પ્રત્યેકનો 0.5 ગુણ)** **[02]**

(36) ભોજો ભડવીર માણસ હતો.

(37) લક્ષ્મણ વેગથી આવે છે.

(38) પરિષદમાં અનુચિત ઠરાવ પસાર ન થયો.

(39) બા એકલા જીવે છે.

(40) મને શરત મંજૂર છે.

- **નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ લખો. (કોઈપણ ચાર) (પ્રત્યેકનો 0.5 ગુણ)** **[02]**

(41) નાણાંની આપલે માટેની ચિઠ્ઠી

(42) દુનિયાનો વ્યવહાર

(43) બીજાને આધારે જીવનારું

(44) વિશ્વના સર્જનની સર્વ સામાન્ય પ્રણાલી

(45) કૂતરાને ખાવાનું નાખવાનું સાધન

- **નીચેના તળપદા શબ્દોના શિષ્ટ ભાષાના માન્ય અર્થ લખો. (પ્રત્યેકનો 0.5 ગુણ)** **[01]**

(46) તાગવું

(47) ડોબુ

- **નીચેના શબ્દોની સાચી જોડણી લખો. (પ્રત્યેકનો 0.5 ગુણ) (કોઈપણ બે)** **[01]**

(48) સોશીત

(49) ભગીની

(50) મીણબત્તી

- **નીચેના પ્રશ્નોના ઉત્તર કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે લખો. (કોઈપણ છ) (પ્રત્યેકનો 0.5 ગુણ)** **[03]**

(51) ભોજાનું કુટુંબ નદીના ખુલ્લા પટમાં પડ્યું રહેતું. (વાક્યમાં વિશેષણ શોધો.)

(52) ઊર્મિલા ............. પૂતળી જેવી સ્તબ્ધ બની ઊભી રહી. (ખાલી જગ્યામાં વિશેષણ લખો.)

(53) મને હું રજમાત્ર હીન ગણતી નથી. (વાક્યમાંથી નિપાત શોધો.)

(54) ફ્રેમ થયેલા દાદા આંસુ લૂછે છે ? (ખાલી જગ્યામાં નિપાત લખો.)

(55) ઉછીનું માગનાર ઉછીનું આપતા નથી. (વાક્યમાં કૃદંત શોધો.)

(56) હા, એટલું..... હું ન જાણું. (વાક્યમાં કૃદંત શોધો.)

(57) યુવાન વકીલને પુસ્તકો વાંચવા માટે અપાયાં. (વાક્યનો કૃદંત પ્રકાર જણાવો.)

- **નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી, તેનો વાક્યમાં પ્રયોગ કરો. (પ્રત્યેકનો 1 ગુણ) (કોઈપણ બે)** **[02]**

(58) હવાઈ કિલ્લા બાંધવા

(59) ચિત્ત ચિરાવું

(60) પગ મણમણના થઈ જવા

- **નીચેનાં વાક્યોમાં કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ) (કોઈપણ ત્રણ)** **[03]**

(61) ભોજાએ 1 નવજાત નાના બાળકને રજૂ કર્યું. (વાક્યમાં લેખનરૂઢિ સુધારો)

(62) ઊછીનું માગનાર અપરીગૃહી અને યાચક વૃત્તીવાળા હોય છે. (વાક્યમાં ભાષાશુદ્ધ કરો)

(63) નાંખો મારી, પથ્થર મારી આ કુટલાને. (વાક્યમાં પદક્રમ ગોઠવો.)

(64) તમે અસત્યમાં સત્ય માની લીધું છે. (વાક્યમાં પ્રત્યય સુધારો)

- **નીચેના સંયુક્ત કે સંકુલ વાક્યોને સાદા વાક્યમાં ફેરવી લખો. (કોઈપણ બે) પ્રત્યેકનો 1 ગુણ)** **[02]**

(65) રાતે સીમની અવર જવર બંધ થઈ ગઈ અને સોંપો પડી ગયો ત્યારે ભોજાએ જીવનસૂત્ર અમલમાં મૂકયું.

(66) હે પિતાજી આ કૌતુક તો જુઓ હું એક નળને વરમાળા પહેરાવું પણ આ તો પાંચ નળ છે.

(67) બીડી બાક્સ કાઢયાં ને જેવો દીવાસળી પેટાવવા ગયો કે હીરાએ એના હાથ પર ઝાપટ મારીને કહ્યું.

- **નીચેનાં સાદાં વાક્યોને સંયુક્ત કે સંકુલ વાક્યમાં ફેરવી લખો : (કોઈપણ બે ) (પ્રત્યેકનો 1 ગુણ)** **[02]**

(68) મારતે ઘોડે. ધોધમાર વરસતે વરસાદે અમે પહાલગામ પહોંચ્યા.

(69) હું જ શ્રી કૃષ્ણને પૂછું છું. આવડો મોટો સંગ્રામ થયો. એકે વખત પોતે કેમ શસ્ત્ર પકડ્યું નહીં.

(70) ઓરડો નાનો હતો. સાદો હતો. ખૂબ ચીવટથી સજાવેલ હતો.

## વિભાગ - D : અર્થગ્રહણ

- **નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : (પ્રત્યેકનો 1 ગુણ)** **[05]**

મને એ જ સમજાતું નથી કે આવું શાને થાય છે ?
ફૂલડાં ડૂબી જતા ને પથ્થરો તરી જાય છે.
ટળવળે તરસ્યાં તારા જે વાદળી વેરણ બને,
તે જ રણમાં ધૂમ મુશળધાર વરસી જાય છે.
ઘરહીણા ઘૂમે હજારો ઠોકરાતાં ઠેર ઠેર,
અને ગગનચુંબી મહાલો જનસૂના રહી જાય છે.
દેવડીએ દંડ પામે ચોર મૂઠી જારના :
લાખ ખાંડી લૂંટનારા મહેફિલે મંડાય છે.
કામધેનુને જડે ના એક સૂકું તણખલું,
ને લીલાછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે.

છે ગરીબોના કૂબામાં તેલ ટીપુંય દોહ્યલું
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે.

**- કરસનદાસ માણેક**

**પ્રશ્નો :**

(71) કવિ પ્રથમ કડીમાં કઈ વિષમતા રજૂ કરે છે ?

(72) શ્રીમંતો અને ગરીબો રહેઠાણની બાબતમાં એકબીજાથી ભિન્ન કઈ રીતે છે ?

(73) મૂઠી જાર ચોરનારની આ જગતમાં શી વલે થાય છે ? મોટી ચોરી કરનાર શી મજા માણે છે ?

(74) કામધેનુનું જીવન આખલાઓ કરતાં કઈ રીતે જૂદું પડે છે ?

(75) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

- **નીચેના પાઠ્યેતર ગદ્યખંડના આધારે આપેલા પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યોમાં લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[05]**

એકાગ્રતાની શક્તિ જેમ વધુને વધુ કેળવાતી જશે, તેમ તેમ વધુ ને વધુ જ્ઞાનપ્રાપ્તિ થતી જશે. જ્ઞાનપ્રાપ્તિનો આજ માત્ર ઉપાય છે. બુટ પોલિશવાળો પણ જેટલો એકાગ્ર થશે જેટલો તે જોડાંને વધારે ચમકવાળા બનાવશે, એ જ રીતે એકાગ્રતાને લીધે રસોઈયો વધુ સારી રસોઈ બનાવશે. ધન મેળવવામાં, ઈશ્વરની આરાધના કરવામાં કે અન્ય કોઈ કાર્ય બજાવવામાં એકાગ્રતાની શક્તિ જેટલી વધારે, તેટલું તે કાર્ય વધારે સારું થશે. માનવીની શક્તિઓને એકાગ્ર કર્યા સિવાય આ જગતનું બધું જ્ઞાન ક્યાં મેળવાયું છે ? આપણે એનાં દ્વાર કેમ ખખડાવવાં તે જાણીએ, યોગ્ય પ્રહાર કેવી રીતે કરવો તે પિછાનીએ તો જગત તેનાં રહસ્યો આપણી સમક્ષ ખુલ્લાં કરવા તૈયાર છે. એકાગ્રતામાંથી આ પ્રકારનું બળ અને શક્તિ આવે છે.

**- સ્વામી વિવેકાનંદ**

(76) સ્વામીજી જ્ઞાનપ્રાપ્તિ માટે કયો ઉપાય દર્શાવે છે ?

(77) બુટપોલિશવાળો અને રસોઈયાના ઉદાહરણ શા માટે આપવામાં આવ્યા છે ?

(78) જગતને પ્રાપ્ત થયેલા જ્ઞાનના પાયામાં વિવેકાનંદ કોનું મૂલ્ય કરે છે ?

(79) એકાગ્રતામાંથી વ્યક્તિને શું પ્રાપ્ત થાય છે.

(80) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(81) **નીચેના ગદ્યખંડનો ત્રીજા ભાગનો સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો :** **[05]**

માણસના મનની અંદર હંમેશાં બે બારીઓ રહેલી છે. એકમાંથી પોતે કેવો છે તે જોઈ શકે અને બીજીમાંથી પોતે કેવો હોવો જોઈએ તેનો તેને ખ્યાલ આવી શકે છે. શરીર, મગજ અને મન એ બધાં નોખાં નોખાં તપાસવાં એ આપણું કામ છે, પણ એટલેથી જ અટકી જઈએ તો તેનું જ્ઞાન મેળવ્યાં છતાં આપણે કંઈ ફાયદો મેળવી શકીશું નહીં. અન્યાય, દુષ્ટતા, અભિમાન વગેરેથી શું પરિણામ આવે છે અને જ્યાં તે ત્રણ વસ્તુ હોય છે ત્યાં કેવી ખરાબી થાય છે, એ જાણવાની પણ જરૂર છે અને એ જાણ્યેથી પણ બસ નથી; પણ જાણ્યા પછી એ પ્રમાણે વર્તવાનું છે. નીતિનો વિચાર તો 'આર્કિટેક' ના નકશા જેવો છે. નકશો ઘર કેમ બાંધવું તે બતાવે છે; પણ જેમ ચણતર ન કર્યું હોય તો નકશો નકામો થઈ પડે છે, તેમ નીતિના વિચાર પ્રમાણે આચરણ ન કર્યું હોય તો નીતિનો વિચાર નકામો થઈ પડે છે. ઘણાં માણસો નીતિનાં વચનો યાદ કરે છે. તે વિશે ભાષણ કરે છે; પણ તે પ્રમાણે ચાલતા નથી અને ચાલવા માગતા પણ નથી. કેટલાક વળી એમ માને છે કે નીતિના વિચારો આ લોકમાં નહીં પણ મરણ પછી પરલોકમાં અમલમાં લાવવાના છે. આ કંઈ વખાણવાલાયક વિચાર ગણાય જ નહીં. એક વિચારવાન માણસે કહ્યું છે કે: ''જો આપણે સંપૂર્ણ થવું જ હોય તો આજથી જ, ગમે તે દુઃખો સહન કરીને, નીતિ પ્રમાણે ચાલવું જોઈએ. **-ગાંધીજી**

(82) **નીચેના ગદ્યખંડને કાળકથન રીતિ પ્રમાણે વિચાર વિકાસના ક્રમમાં ગોઠવીને ફરીથી લખો.** **[05]**

મણ મણના થઈ ગયેલા પગ ઘસડ્યા, અને અંતે એણે બગલથેલો પાછો ઊંચક્યો. ઘણા વખત સુધી તાકી રહ્યો, અને કૂતરાંની ચાટ આગળ જરા થંભીને રસ્તામાં ખાવા લીધેલું ગાંઠિયાનું પડીકું ઊંધું વાળ્યું. આભારવશ કૂતરાંએ પહેલાં પૂંછડી પટપટાવી, અને દિશાશૂન્ય બનીને મણિભાઈ એ બારી સામે તાકી રહ્યો. ટોળે વળ્યાં પણ પછી ગાંઠીયા સૂંઘીને આઘાં ખસી ગયાં.

## વિભાગ - E : લેખનસજ્જતા

(83) તમારી તબિયત સારી ન હોવાથી ડૉક્ટરે એક અઠવાડિયા સુધી આરામ કરવાની તમને સલાહ આપી છે. તમારા વર્ગ શિક્ષકને તમારી રજા મંજૂર કરવા માટે અરજી કરો. **[05]**

(84) **નીચેના પાઠ્યેતર ગદ્યખંડનું વાદાત્મક ગદ્યમાં રૂપાંતર કરો :** **[05]**

આજે માતૃભાષાને સ્થાને અંગ્રેજી દ્વારા શિક્ષણ આપવાનું ફેશનરૂપ બનતું જાય છે. સામાન્ય વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી માધ્યમ બેવડી મુશ્કેલી ઊભી કરે છે. એક મુશ્કેલી વિદેશી ભાષા શીખવાની અને બીજી મુશ્કેલી એની મારફત વિષયને સમજવાની. માતૃભાષા દ્વારા શિક્ષણ અપાય, તો બાળક માટે અભ્યાસ વધુ સરળ અને રસપ્રદ બને. માતૃભાષામાં અપાતા શિક્ષણ સાથે બાળક અંગ્રેજી ભાષા ક્રમશઃ શીખી શકે અને વયસ્ક થતાં સુધીમાં એના પર સારું પ્રભુત્વ પણ મેળવી શકે. માતૃભાષાને જ શિક્ષણનું માધ્યમ બનાવાય અને એ રીતે પ્રાદેશિક ભાષાઓનો પૂરતો વિકાસ સધાય તો શિક્ષણ ઓછું બોજારૂપ અને ઉપરથી કાર્યસાધક નીવડે.

અથવા

''પ્રાર્થનાનું મહત્ત્વ'' વિશે ભાવાત્મક ગદ્ય લખો.

શબ્દ યાદી : પ્રાર્થના - હૃદયમાં સ્થાન - હૃદયનો ખોરાક - વાતાવરણ - ભગવાનનું સાનિધ્ય - આત્મીયતા - આત્માપરાયણતા - નવું ચૈતન્ય - મહાન મૂડી - ધીરજ - નવી આશા.

• **નીચેનામાંથી કોઈ એક વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **[10]**

(85) **સમાજનું નવનિર્માણ અને તરુણો :**

**મુદ્દા :** પ્રસ્તાવના -તરુણોની સંકલ્પના - આવતીકાલના સ્વપ્નશિલ્પીઓ - વિદ્યાર્થી અવસ્થામાં સમાજસેવાની તાલીમ - વડીલોનું માર્ગદર્શન અને પ્રવૃત્તિઓ - લોકશાહીમાં નાગરિકના અધિકાર અને કર્તવ્યપાલન અંગે લોકજાગૃતિનું કાર્ય - રાષ્ટ્રના નવનિર્માણમાં સહભાગી બનવાની તક - સ્વાવલંબનની કેળવણી.

અથવા

**સ્વચ્છતા :**

**મુદ્દા :** પ્રસ્તાવના - શરીરની સ્વચ્છતા - ઘર અને મહોલ્લાની સ્વચ્છતા અંગેના પ્રયત્નો - ગામડાં અને શહેરોની સ્થિતિ - ગાંધીજીના સ્વ્ચ્છતા અંગેના પ્રયત્નો - સ્વચ્છતાની જવાબદારી - વિદેશમાં સ્વચ્છતા - ઉપસંહાર.

અથવા

**ઑનલાઈન થઈ રહેલું વિશ્વ :**

**મુદ્દા :** પ્રસ્તાવના - ઈન્ટરનેટની સંકલ્પના - શોધ - ડિજિટલાઈઝેશનના ફાયદા - ગેરફાયદા - વેપાર - રોજગાર - સંચાર - મુશ્કેલીઓ - યુવાનો પર અસર - ઉપસંહાર.

•••